સમય સંદેશ

પ્રોપર્ટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

સમય સંદેશ

અષાઢ સુદ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

આજનો સુવિચાર

મોટા બન્યા પછી હાસ્યમાં થોડો ફરક આવ્યો છે, પહેલા આવતું હતું, હવે લાવવું પડે છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૩૬ ● તારીખઃ ૨૫.૦૭.૨૦૨૬, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

NTA પર મોટો પ્રહારઃ ૪૭ અધિકારીઓ બરતરફ, કાનૂની કાર્યવાહીની તૈયારી

શિક્ષણ મંત્રીના રાજીનામા અને વળતરનો આગ્રહઃ સરકારી પ્રતિનિધિઓ સાથે બેઠક અને પોલીસ કાર્યવાહી અંગે ખાતરી

પેપર લીક સામે કેન્દ્રનું ઐતિહાસિક કડક પગલુંઃ ૧૦ વર્ષની સજા, ₹૧૦ કરોડ દંડ અને ફાસ્ટ-ટ્રેક કોર્ટ

સમય સંદેશઃ નવીદિલ્હી

ગઈકાલે દેશની શિક્ષણ વ્યવસ્થા અને પરીક્ષા પદ્ધતિને પારદર્શક બનાવવાની દિશામાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા એક બહુ મોટું અને આકરું પગલું ભરવામાં આવ્યું હતું. શિક્ષણ મંત્રાલયના સૂત્રો પાસેથી મળેલી સત્તાવાર માહિતી મુજબ, ગઝઅ એ પોતાના ૪૭ અધિકારીઓને તાત્કાલિક અસરથી નોકરીમાંથી બરતરફ (ટર્મિનેટ) કરી દીધા છે અને આમાંથી કેટલાક અધિકારીઓ સામે કાનૂની તેમજ ક્રિમિનલ કાર્યવાહી

અનુ પાના નં.૨ પર

દેશભરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક થવાની ઘટનાઓ અટકાવવા ગઈકાલે કેન્દ્ર સરકારે એક નિર્ણાયક ડગલું ભર્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે યોજાયેલી કેબિનેટ બેઠકો બાદ સરકારે 'જાહેર પરીક્ષા (અન્યાયી ઉપાયો નિવારણ) અધિનિયમ, ૨૦૨૪' માં વધુ કડક સુધારા ધરાવતા ડ્રાફ્ટ બિલને મંજૂરી આપી દીધી છે.

વડાપ્રધાને આ મુદ્દાને અત્યંત સંવેદનશીલ ગણાવતા દોષિતો સામે કોઈ પણ દયા ન દાખવવાની સ્પષ્ટતા કરી હતી. નવા સુધારેલા બિલ મુજબ પેપર લીક કરનારી ગેંગ અને માફિયાઓ સામે ૧૦ વર્ષ સુધીની સખત કેદ અને ૧૦ કરોડ સુધીના દંડની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને ઝડપી ન્યાય મળે તે માટે વિશેષ ફાસ્ટ-ટ્રેક કોર્ટોને મંજૂરી અપાઈ છે, જે માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં તપાસ પૂર્ણ કરી ચુકાદો આપશે.

બીજી તરફ, રાજધાની દિલ્હીમાં રસ્તા પર ઉતરેલા વિરોધ પ્રદર્શનકારીઓ અને સરકાર વચ્ચે ગઈકાલે વાટાઘાટોનો દોર તેજ બન્યો હતો. આંદોલન કરી રહેલા 'કોકરોચ જનતા પાર્ટી'ના પ્રતિનિધિઓ અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચે દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે મહત્વની બેઠક યોજાઈ હતી. CJPના આગ્રહ

અનુ પાના નં.૨ પર

શિક્ષણ મંત્રીના રાજીનામા અંગે સરકારની સ્પષ્ટતા

દિલ્હીમાં વિરોધ પ્રદર્શન વચ્ચે PM મોદીનો મંત્રીઓને ડિજિટલ યુગ સાથે જોડાવાનો મંત્ર

સમય સંદેશઃ નવીદિલ્હી

દિલ્હીના જંતર-મંતર ખાતે 'કોકરોચ જનતા પાર્ટી' અને વિવિધ વિદ્યાર્થી સંગઠનો દ્વારા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. જોકે, સરકારી સૂત્રોએ ગઈકાલે સ્પષ્ટ કર્યું હતું કે શિક્ષણ મંત્રી પોતાના પદ પરથી રાજીનામું આપશે નહીં, કારણ કે હાલની પરિસ્થિતિમાં રાજીનામું આપવું એ જવાબદારીમાંથી ભાગવા સમાન ગણાશે.

બીજી તરફ ગઈકાલે દિલ્હીના જંતર-મંતર સહિત દેશભરમાં NEET UG પરીક્ષાના પેપર લીક અંગે વિદ્યાર્થીઓનો વિરોધ પ્રદર્શન ચાલી રહ્યો હતો, ત્યારે શુક્રવારે યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મંત્રીઓને ડિજિટલ યુગ સાથે તાલ મિલાવવાનો એક અનોખો મંત્ર આપ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીએમ મોદીએ બેઠક દરમિયાન મંત્રીઓને

અનુ પાના નં.૨ પર

જામનગરના મહાકાળી સર્કલ નજીક એલપીજી બાટલા પાસે આગ ભભૂકી

તસવીરઃ હિરેન ગાંધી

સમય સંદેશઃ જામનગર

જામનગર શહેરના મહાકાળી સર્કલ નજીક પડતર પડેલી એક ભંગાર બસની બોડીમાં ગઈકાલે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. ઘટનાની ગંભીરતા એ હતી કે આગ લાગી તે બસની બિલકુલ બાજુમાં જ એલપીજી ગેસના ભરેલા બાટલા પડ્યા હતા. જો આગ વધુ પ્રસરી હોત તો મોટો વિસ્ફોટ થવાની પૂરેપૂરી શક્યતા હતી અને મોટી હોનારત સર્જાઈ શકી હોત. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને સમયસૂચકતા વાપરી આગ પર ઝડપથી કાબૂ મેળવી લેતાં મોટી દુર્ઘટના બનતા અટકી હતી, જેથી સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ગુજરાતમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપઃ અમદાવાદમાં ૨૪ કલાકમાં ૨૦ ઈંચથી જળબંબાકાર, રાજ્યભરમાં ૪૦,૫૦૦ લોકોનું સ્થળાંતર

અમદાવાદ, આણંદ, નવસારી અને બનાસકાંઠા સહિતના જિલ્લાઓમાં પૂરની ગંભીર સ્થિતિઃ ૧,૧૦૦ રસ્તાઓ બંધ અને NDRF-SDRF તથા આર્મીની ટીમો બચાવ કામગીરીમાં સક્રિય

સમય સંદેશઃ અમદાવાદ

ગઈકાલે ગુજરાતભરમાં ચોમાસાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં આકાશી આફતનો કહેર વર્તાયો હતો. અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મોસમનો રેકોર્ડબ્રેક ૨૦ ઈંચથી વધુ વરસાદ ખાબકતા સમગ્ર શહેર જળબંબાકાર બન્યું હતું. અમદાવાદના બોપલ, સરખેજ, નેહરુનગર, વટવા અને બાવળા સહિતના વિસ્તારોમાં કમરડોબ પાણી ભરાઈ ગયા હતા. બાવળાના ઔદ્યોગિક પાર્કમાં ફસાયેલા ૯૦૦ જેટલા કર્મચારીઓનું હોડી મારફતે રેસ્ક્યૂ કરાયું હતું, જ્યારે વટવા કેનાલમાં ખાબકેલી રિક્ષાના ચાલકને ટ્રાફિક પોલીસે સમયસૂચકતા વાપરી બચાવી લીધો હતો. સ્થિતિની ગંભીરતા જોઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અસરગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી હતી.

દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં પણ સ્થિતિ અત્યંત નાજુક બની છે. આણંદના બોરસદ તાલુકાના વિરસદ ગામનું તળાવ ઓવરફ્લો થતાં સમગ્ર ગામમાં પાણી ફરી વળ્યા હતા. બનાસકાંઠાના ડીસામાં ટ્રીટમેન્ટ પ્લાન્ટથી જલારામ મંદિર સર્કલ સુધી ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરીને મોટું નુકસાન થયું હતું. નવસારીના ગણદેવીના ભાટ ગામ પાસે અંબિકા નદીના પૂરમાં ૧૮ કલાકથી ફસાયેલા ૩૦ લોકોને હેલિકોપ્ટરની મદદથી સલામત બહાર કઢાયા હતા. આ સિવાય બીલીમોરા, વલસાડ અને અમદાવાદના ધોળકાના કેલિયા વાસણા ગામમાં પૂરના કારણે સંપર્ક તૂટી જતાં પોલીસ, NDRF અને SDRFની ટીમોએ હજારો લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા હતા.

રાજ્ય સરકારના રાહત કમિશનર ગૌરાંગ મકવાણાના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી ૪૦,૫૦૦થી વધુ લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યું છે અને ૨,૬૩૭થી વધુ લોકોનું સફળ રેસ્ક્યૂ કરાયું છે. બચાવ કામગીરી માટે NDRFની ૧૭ અને SDRFની ૩૨ ટીમો ઉપરાંત નવસારી અને વલસાડમાં આર્મીની બે-બે કોલમ તથા કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે. સતત વરસાદથી રાજ્યના અંદાજે ૧,૧૦૦ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ થઈ ગયા છે અને ST બસની ૧,૬૦૦થી વધુ ટ્રીપો રદ કરવી પડી છે. પૂરના કારણે રાજ્યમાં જુદા જુદા અકસ્માતોમાં ૬ લોકોના મૃત્યુ નોંધાયા છે, જ્યારે સરકારે અસરગ્રસ્તો માટે રૂ. ૪૦ કરોડની કેશડોલ્સ સહાય ફાળવી છે.

હવામાન વિભાગ (IMD) દ્વારા સમગ્ર દેશ સહિત ગુજરાતમાં ભારે વરસાદનું રેડ અને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

અનુ પાના નં.૨ પર

યુપીના સહારનપુરમાં ફટાકડા ફેક્ટરીમાં ભીષણ વિસ્ફોટ

૪ લોકોના કરુણ મોતની આશંકા, બે મૃતદેહ મળી આવ્યા; ૨ કિમી સુધી ગૂંજ્યો ધડાકો

સમય સંદેશઃ સહારનપુર

ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લા હેઠળના ગંગોહ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કુંડાબાસી ગામની બહાર શુક્રવારે સાંજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. ગામ બહાર આવેલી એક ગેરકાયદેસર રીતે ધમધમતી ફટાકડાની ફેક્ટરીમાં અચાનક ભીષણ વિસ્ફોટ થતાં ભારે અફરાતફરી અને સન્નાટો છવાઈ ગયો હતો. આ દુર્ઘટનામાં પ્રાથમિક અંદાજ મુજબ ચાર લોકોના કરુણ મોત થયાની આશંકા સેવાઈ રહી છે, જ્યારે ઘટનાસ્થળેથી અત્યાર સુધી બે લોકોના મૃતદેહ મળી આવ્યા છે.

અનુ પાના નં.૨ પર

જામજોધપુર પાસે પીઆઈની કારે ત્રણને ઉડાવ્યાઃ બેના મોત અને સાધુ ગંભીર

ગાંધેશ્વર રેલ્વે ફાટક પાસે બસ હડફેટે ઘાયલ થયેલા બળદને ટ્રેકટરમાં ચડાવવાની કામગીરી દરમિયાન કરૂણાંતિકાઃ પો.ઈન્સ. સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરતી પોલીસઃ અરેરાટી

સમય સંદેશઃ જામજોધપુર

તસવીરઃ હિરેન ગાંધી

જામજોધપુર નજીક ગાંધેશ્વર રેલવે ફાટક પાસે બળદને ટ્રેક્ટરમાં ચડાવવાની કામગીરી દરમિયાન સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં બે વ્યક્તિના કરુણ મોત થયા છે, જ્યારે એક સાધુ ગંભીર રીતે ઇજાગ્રસ્ત બન્યા છે. સમગ્ર ઘટનામાં જામજોધપુર પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર નિલેશભાઈ (એન.બી.) ચૌહાણ સામે મૃતકના પુત્ર મહેશભાઈ નુંધાભાઈ ભોજાણીએ ફરિયાદ નોંધાવતા પોલીસે બેદરકારીથી વાહન હંકારવાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

આ ફરિયાદ મુજબ ગત તા. ૨૩ જુલાઈની રાત્રે ગાંધેશ્વર રેલવે ફાટક નજીક એસ.ટી. બસની ટક્કરથી ઘાયલ થયેલા બળદને ટ્રેક્ટરમાં ચડાવવાની કામગીરી ચાલી રહી હતી. તે સમયે મહેશભાઈ ભોજાણીના પિતા નુંધાભાઈ નાથાભાઈ ભોજાણી, જામવાડી ગામના રોનકભાઈ અશોકભાઈ ખાંટ તેમજ સાધુ રામદાસ ઉર્ફે રમેશ મૈયારામ દેસાણી સહિતના લોકો મદદ કરી રહ્યા હતા. આ દરમિયાન રાત્રે આશરે ૮:૩૦ વાગ્યે જામજોધપુર તરફથી આવી રહેલી ક્રેટા કાર (જીજે-૧૧-સીએલ-૨૮૦૧) પુરપાટ ઝડપે અને બેદરકારીપૂર્વક રોડ પર ઉભેલા ત્રણેયને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં નુંધાભાઈ નાથાભાઈ ભોજાણી અને રોનકભાઈ અશોકભાઈ ખાંટને ગંભીર ઇજાઓ થતાં તેમને જામજોધપુર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. જ્યારે સાધુ રામદાસ ઉર્ફે રમેશ મૈયારામ દેસાણીને ગંભીર ઇજાઓ થતાં તેમને વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બનાવ બાદ ક્રેટા કારના ચાલક પોલીસ ઇન્સ્પેક્ટર નિલેશભાઈ ચૌહાણે ઇજાગ્રસ્ત સાધુને પોતાની કારમાં સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યાનું પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. જોકે સમગ્ર ઘટનામાં બેદરકારીપૂર્વક અને ગફલતભરી રીતે વાહન હંકારવાના આક્ષેપ સાથે મૃતક નુંધાભાઈ ભોજાણીના પુત્ર

અનુ પાના નં.૨ પર

જામજોધપુર PI ચૌહાણની કારથી બેના મોત મામલે SPની મોટી કાર્યવાહી

PI એન.બી. ચૌહાણને લીવ રિઝર્વ પર મુકાયા, PSI એમ.એલ. ઓડેદરાને ચાર્જ સોંપાયો

સમય સંદેશઃ જામનગર

જામજોધપુરમાં ૨૩ જુલાઈની રાત્રે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ક્રેટા કાર સાથે થયેલી આ ટક્કરમાં બે વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતાં તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે અકસ્માત સર્જનાર ક્રેટા કાર જામજોધપુર પોલીસ સ્ટેશનના PI એન.બી. ચૌહાણ ચલાવી રહ્યા હતા, જેના પગલે સમગ્ર પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની દ્વારા તાત્કાલિક અસરથી પગલાં લેવામાં આવ્યા છે. ડો. સૈનીના આદેશથી PI એન.બી. ચૌહાણને લીવ રિઝર્વ પર મૂકી દેવામાં આવ્યા છે. તેમની સામે વહીવટી કાર્યવાહી કર્યા બાદ જામજોધપુર પોલીસ સ્ટેશનનો વહીવટી ચાર્જ ડબ્લ્યુ એમ.એલ. ઓડેદરાને સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે પોલીસે જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને તેમાં કોઈની બેદરકારી હતી કે કેમ તે તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ ઘટના અંગેની વધુ અને સ્પષ્ટ વિગતો સામે આવશે.

તંત્રી સ્થાનેથી..

પ્રવાસન અને અર્થતંત્ર !

આપણે ત્યાં પ્રવાસનને સ્વતંત્ર રીતે એટેન્ડ કરનારા પ્રધાનો કે સરકારી અધિકારીઓ નામ પૂરતા જ હોય છે. તેઓ પોતાની જવાબદારીઓને જીવન સમર્પણ માનીને કામ કરતા નથી અને ઉપરછલ્લા દેખાડામાં પોતાની કારકિર્દીના વરસો પાણીમાં વહાવી દે છે. આમ છતાં, ઉપલબ્ધ ડેટા વર્ષ ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના આગમનમાં ભારતનો હિસ્સો માત્ર ૧.૫૪ ટકા હતો. જો કે વર્ષ ૨૦૧૧ના આશરે ૦.૬૩ ટકાના આંકડાની તુલનાએ આ વધુ સારું છે, પરંતુ એ હકીકત ધ્યાનમાં રાખવા જેવી છે કે વિદેશી પર્યટકોના આગમનમાં મોટી સંખ્યા તો પ્રવાસી ભારતીયોની જ છે. એટલું જ નહીં, એવું પણ કહી શકાય કે વિશ્વમાં સૌથી વધુ દસ પ્રવાસન સ્થળો ધરાવતો દેશ ચીન લાંબા સમયથી પડતી હેઠળ હતો. આ દરમિયાન ભારત દેશ કોઈ રીતે વિશેષ ફાયદો લઈ શક્યો નથી. ઉદાહરણ તરીકે, ચીન તાજેતરના આ સૂચકાંકમાં આઠમા ક્રમે છે. વિશ્વના તમામ ટોચના દસ પ્રવાસન સ્થળો ઉચ્ચ આવક ધરાવતા અર્થતંત્ર છે અને તે મોટાભાગે યુરોપમાં છે. યુરોપ હજુ પણ પ્રવાસનલક્ષ્મીનું દિનરાત દોહન કરનારો નંબર વન ખંડ છે. શહેરો અને ગ્રામ વિસ્તારોની સુંદરતા અને તેમના વ્યવસાયિક રીતે રચાયેલા સંગ્રહાલયો પ્રવાસીઓને આ સ્થળો તરફ આકર્ષવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, ત્યારે સૌથી મહત્વપૂર્ણ તફાવત ત્યાં ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ગુણવત્તા છે. ફ્રાન્સ હોય, જાપાન, ચીન અથવા ઈટાલી હોય, સૌથી સામાન્ય પ્રવાસી માટે પણ ત્યાં ઉચ્ચ ગુણવત્તાની સ્થાનિક જાહેર પરિવહન સેવાઓનો લાભ ઉઠાવવો શક્ય છે – બસો, ટ્રેનો, ટ્રામ વગેરે – તેમજ પોસાય તેવા ભાવે સ્વચ્છ અને સલામત રહેઠાણના વિકલ્પો પણ ઉપલબ્ધ છે. ભારતમાં જો બે શહેરોમાં મેટ્રો રેલ સેવાના આદરણીય અપવાદ સાથે, ઈન્ટરસિટી બસ અને ટ્રેન સેવાઓ જેવી જાહેર પરિવહન વિશ્વ-વર્ગની ગુણવત્તાથી ઘણી દૂર છે. જો કે હવે ભારતીય એરપોર્ટ અને હવાઈ મુસાફરી વિશેષ બની ગઈ છે. પશ્ચિમથી વિપરીત, જ્યાં તમામ વર્ગના નાગરિકો જાહેર પરિવહન સેવાઓનો ઉપયોગ કરે છે, ભારતના સમૃદ્ધ અને ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો સામાન્ય રીતે તેમના દેશમાં આવી સેવાઓનો ઉપયોગ કરવાનું ટાળે છે. આવા ગેરવાજબી કારણો ભારતની સ્પર્ધાત્મકતાને નબળી પાડે છે. આ બધાનું પરિણામ એ છે કે પ્રવાસન ક્ષેત્રે ભારત તેની ક્ષમતા કરતાં ઓછું પ્રદર્શન કરી રહ્યું છે. પ્રવાસન ઉદ્યોગ ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં લગભગ ૬ ટકા યોગદાન આપે છે અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માત્ર ૮ કરોડ લોકોને રોજગારી આપે છે.

હાલારના હાલહવાલ



ખંભાળીયામાં પશુ સંસ્થાઓ અંગેની ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઇ

સમય સંદેશઃ ખંભાળિયા

દેવભૂમિ દ્વારકા જિલ્લાના રેસીડેન્ટ એડિશનલ કલેકટર (આર.એ.સી.) મેહુલ વી. દેસાઈની અધ્યક્ષતામાં કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ તથા ૧૦ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું યોજનાની ત્રિમાસિક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લા વિકાસ અધિકારી કુ. એચ.પી. જોશી, જિલ્લા વન સંરક્ષણ અધિકારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, નાયબ પશુપાલન નિયામક ડો. પી.કે ચાવડા, કાર્યપાલક ઇજનેર (માર્ગ અને મકાન વિભાગ) પ્રદીપ પ્રજાપતિ , પ્રોગ્રામ મેનેજર ડો. સોયબ ખાન તેમજ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર પરેશકુમાર પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક દરમિયાન ૧૦ ગામ દીઠ ફરતું પશુ દવાખાનું યોજનાની ત્રિમાસિક કામગીરી, સેવા પહોંચ અને ભાવિ આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આર.એ.સી.એ ટીમ દ્વારા કરવામાં આવી રહેલી નિષ્ઠાપૂર્વકની કામગીરીની પ્રશંસા વ્યક્ત કરી હતી અને પશુપાલકો સુધી વધુ અસરકારક અને સમયસર સેવાઓ પહોંચાડવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

જામનગરના એરપોર્ટ નજીક ભૂગર્ભ ગટરના કામ માટે રસ્તો બંધ

સમય સંદેશઃ જામનગર

જામનગરમાં એરપોર્ટ પાસેની સોસાયટીવાળા રસ્તામાં ભુગર્ભગટરની પાઈપલાઈન નાંખવા માટે એક રસ્તો ત્રણ માસ બંધ રાખવાની તંત્રએ જાહેરાત કરીને લોકોને વૈકલ્પિક રસ્તો વાપરવા સુચન કરાયું છે.

મ્યુ. તંત્રએ જાહેર ખંભાળીયા રોડ ઉપર ગોવર્ધન ગ્રીન નોટીસમાં જણાવ્યું છે કે, શહેરના સોસાયટી અને દ્વારકેશ સોસાયટી પાસેના જીલાણી વેલ્ડીંગથી હનુમાનજી મંદિર સુધીના રોડમાં ભુગર્ભ ગટરની લાઈન નાંખવા માટે તા.૨૪ જુલાઈથી તા.૨૩ ઓક્ટોબર-૨૦૨૬ દરમિયાન બંને સોસાયટી વચ્ચેના જીલાણી વેલ્ડિંગથી હનુમાન મંદિરવાળો રોડનો કટકો બંધ રહેશે. જેના વિકલ્પે પાસેના મહાદેવ મંદિરથી ગોવર્ધન ગ્રીન સોસાયટી થઈને ખંભાળીયા બાયપાસ એટલે કે, જામનગર તરફનો રસ્તો ખુલ્લો રહેશે. આ જ રીતે દ્વારકેશ દર્શન સોસાયટીમાં પ્લોટ નંબર ૯૧/૧માં થઈને પણ ખંભાળીયા બાયપાસ તરફનો રોડ ખુલ્લો રહેશે. આમ હાઈ-વેની નજીકની સોસાયટીનો રોડ વૈકલ્પિક રસ્તાના ઉપયોગ સાથે બંધ રહેશે. રસ્તા બંધના તંત્રના આ નિર્ણયને જામનગર-મોટી ખાવડી-ખંભાળીયા રોડ સાથે કોઈ નિસ્બત ન હોવાનું અધિકારી જણાવે છે

જામનગરના હાપા નજીક કારની ઠોકરે બાઈક ચાલકનો ભોગ

સમય સંદેશઃ જામનગર

જામનગર શહેરના મચ્છનગર અન્નપૂર્ણા મંદિર પાસે રહેતા અને ટ્રક ડ્રાઇવર તરીકે કામ કરતા શૈલેષભાઈ નરશીભાઈ ડાંગરે પોતાના નાનાભાઈ જયેશભાઈ ડાંગરના અકસ્માત મોત અંગે કાર ચાલક સામે નોંધાવેલી ફરિયાદની વિગત અનુસાર જયેશભાઈ ડાંગર નામનો ૪૮ વર્ષીય યુવાન હાપા હનુમાનજી મંદિર પાસે દ્વારકેશ ઓટો સામે બાઇક લઈ રોડ ક્રોસ કરી રહ્યા હતા.

ત્યારે રાજકોટ તરફથી આવતી કારના ચાલકે બેફામ સ્પીડે કાર ચલાવી કાર નં. જીજે-૧૦-ડીજે-૩૯૩૯ના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા કાર યુવાનના મોટરસાઇકલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત બાદ કાર ચાલક નશી ગયો હતો. કારની ટક્કર બાદ જયેશભાઈ રોડ પર પટકાતા ગંભીર ઇજાઓ પહોંચી હતી. ગંભીર હાલતમાં તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે દ્વારકેશ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો અને અંતિમવિધિ પૂર્ણ કર્યા બાદ શૈલેષભાઈ ડાંગરે અકસ્માત સર્જી ફરાર થયેલી કાર નં. જીજે-૧૦-ડીજે-૩૯૩૯ના અજાણ્યા ચાલક સામે ધોરણસર કાર્યવાહી કરવાની માંગ સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જોધપુરથી ૬૫૦ કિ.મી.ની સાયકલ યાત્રા પૂર્ણ કરી સાઇકલ વીર દ્વારકા પહોંચ્યા

દ્વારકાધીશ મંદિરે કાળીયા ઠાકોરજીના દર્શન કરી પૂર્ણ કર્યો સંકલ્પ

સમય સંદેશઃ દ્વારકા

પવિત્ર યાત્રાધામ દ્વારકામાં રાજસ્થાનના જોધપુર જિલ્લાના લુણી ગામના સાયકલવીર અમનરાવ સરેચા લાંબી અને પ્રેરણાદાયી સાયકલ યાત્રા પૂર્ણ કરીને પહોંચ્યા હતા. અડગ શ્રદ્ધા, દઢ મનોબળ અને અવિરત પરિશ્રમના બળે તેમણે જોધપુરથી દ્વારકા સુધીનું અંદાજે ૮૫૦ કિલોમીટરનું અંતર સાયકલ પર કાપીને પોતાની ધાર્મિક યાત્રા સફળ બનાવી હતી. દ્વારકા પહોંચ્યા બાદ અમનરાવ સરેચાએ સૌપ્રથમ વિશ્વવિખ્યાત દ્વારકાધીશ મંદિરમાં જઈ ભગવાન કાળિયા ઠાકોરજીના ભાવપૂર્વક દર્શન કર્યા હતા. મંદિર પરિસરમાં શીશ ઝુકાવી તેમણે ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને પોતાની લાંબા સમયથી મનમાં રાખેલી યાત્રાનો સંકલ્પ પૂર્ણ થતાં ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર યાત્રા દરમિયાન વિવિધ શહેરો અને ગામોમાંથી પસાર થઈ તેઓએ શ્રદ્ધા અને સાહસનો અનોખો સંદેશ આપ્યો હતો. તેમની આ સાયકલ યાત્રા યુવાનો માટે ફિટનેસ, પર્યાવરણ જાગૃતિ અને ધાર્મિક આસ્થાનું ઉત્તમ ઉદાહરણ બની છે. દ્વારકા પહોંચતાં સ્થાનિકો અને યાત્રાળુઓએ પણ તેમના આ અનોખા પ્રયાસની પ્રશંસા કરી હતી. શ્રદ્ધા, સંકલ્પ અને આત્મવિશ્વાસના બળે પૂર્ણ કરાયેલી આ ૮૫૦ કિલોમીટરની સાયકલ યાત્રા અનેક લોકો માટે પ્રેરણારૂપ બની છે.

દ્વારકામાં હોટલની અગાસીમાં લગાવેલ મોબાઈલ ટાવરમાં આગ લાગતા દોડધામ

સમય સંદેશઃ દ્વારકા

દ્વારકા શહેરમાં ટ્રાફિકથી ભરપુર વિસ્તારમાં ગતરાત્રીના એક હોટલ ઉપર લગાવેલ મોબાઈલ ટાવરમાં આગ લાગ્યાનો બનાવ બનતા સ્થાનિક ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને કલાકોની જહેમત ઉઠાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે દ્વારકા શહેરમાં ટ્રાફિકથી કાયમ ભરપુર એવા અને મંદિરથી નજીક આવેલી દ્વારકેશ હોટલની અગાસી ઉપર લગાડવામાં આવેલ મોબાઈલ ટાવરમાં અચાનક આગ લાગી હતી જે વાયુવેગે ફેલાતા સ્થાનિક લોકોના જીવ પડીકે બંધાયા હતા. બીજીતરફ આગની આ ઘટનાની જાણ કરવામાં



આવતા નગરપાલિકાના ફાયર વિભાગના જવાનો સ્થળપર દોડી ગયા હતા અને રેસ્ક્યુ ટીમે આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. જો કે આગનું કારણ અકબંધ છે.

જામકલ્યાણપુર તાલુકાના ચંદ્રાવડા ગામના યુવાનનું બીમારી સબબ મૃત્યુ

સમય સંદેશઃ કલ્યાણપુર

કલ્યાણપુર તાલુકાના ચંદ્રાવાડા ગામના વાડી વિસ્તારમાં રહેતા આવડાભાઈ માલદેભાઈ કારાવદરા નામના ૪૭ વર્ષના યુવાન છેલ્લા કેટલાક સમયથી બીમાર રહેતા હોય અને તેમને પોરબંદરની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના મોટાભાઈ મશરીભાઈ કારાવદરાએ કલ્યાણપુર પોલીસને કરી છે.

સરકારમાન્ય બૉન્ડ રાઈટર

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

અભિજીત જયંતકુમાર દવે

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૮૮૮૧૯૯૯

અનુસંધાન

જામનગરમાં બે કલાક

(પાના નં. ૪ થી આગળ)

ચાર વાગ્યાથી વિજળીના ચમકારા અને જોરદાર પવન સાથે ૧૪ મી.મી. (અડધો ઈંચ) પાણી પડી ગયું હતું. પવનના જોરને કારણે કેટલોક સમય વીજ પુરવઠો પણ ખોરવાયો હતો. આ ઉપરાંત, ભાણવડ તાલુકામાં કુલ ૧૮ મી.મી. અને કલ્યાણપુરના ગ્રામીણ વિસ્તારોમાં ૫ મી.મી. ઝાપટાં નોંધાયા હતા.

જિલ્લામાં મોસમનો કુલ વરસાદ જોઈએ તો ભાણવડમાં ૨ ઈંચ, ખંભાળિયામાં ૧.૫ ઈંચ, કલ્યાણપુરમાં અડધો ઈંચ અને ઓખા મંડળમાં ૯ મી.મી. નોંધાયો છે. આ પ્રથમ નોંધપાત્ર વરસાદથી સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે અને ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

તાલુકાવાર વરસાદની વાત કરીએ તો કાલાવડ: ૭૨ મીમી (તદુપરાંત નવાગામમાં ૧૦૦ મીમી/૪ ઈંચ), ધ્રોલ: ૬૧ મીમી (મોટા વડલા અને ભલસાણ બેરાજામાં ૬૫ મીમી), જોડિયા: ૫૦ મીમી (બાલંભામાં ૬૫ મીમી), જામનગર શહેર: ૩૮ મીમી, લાલપુર: ૧૬ મીમી અને જામજોધપુર: ૬ મીમી નોંધાયો છે.

જેલમાંથી મોબાઈલ

(પાના નં. ૪ થી આગળ)

(રહે. રાણ ગામ, તાલુકો કલ્યાણપુર, દેવભૂમિ દ્વારકા) અને જાફર સીદીકભાઈ જુણેજા (રહે. ખોજાનાકા અંદર, ટીટોડીવાડી, જામનગર), જાહિર મહમદરફીકભાઈ સંધવાણી (હાલ રહે. રાજકોટ, મૂળ વતન માળીયા-મિયાણા, મોરબી) ને પકડી પાડ્યા હતા.

પોલીસે આરોપીઓનો કબજો મેળવી તેમની સામે કાર્યવાહી હાથ ધરી હતી. સાથે જ આ સમગ્ર મોબાઈલ રેકેટમાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓની સંડોવણી અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

ઘરફોડ ચોરી

(પાના નં. ૪ થી આગળ)

આગળની કાર્યવાહી અર્થે તેનો કબજો કલ્યાણપુર પોલીસને સોંપવામાં આવ્યો છે. ઉપરોક્ત આરોપીએ જ્યાં હાથફેરો કર્યો હતો, તે ફરિયાદી પરિવારનો પરિચિત અને તે ઘરમાં રોકડ રકમ હોવા બાબતનો માહિતગાર હતો. આ ડિટેકશન કામગીરીમાં એલસીબીના પી.આઈ. એન.એચ. જોશી સાથે પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એમ.આર, સવસેટા, કિશોરભાઈ નંદાણીયા, ડાડુભાઈ જોગલ અને ખીમાભાઈ કરમુરની ટીમ જોડાઈ હતી.

પીકઅપ વાનના

(પાના નં. ૪ થી આગળ)

કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે વાડીનાર મરીન પોલીસે ટ્રકના ચાલક સામે બીએનએસ અને એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.આઈ. ટી.સી. પટેલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

વિભાપર શાળા

(પાના નં. ૩ થી આગળ)

ઉપલબ્ધ બનશે. આ કાર્યક્રમમાં વિદ્યાલયના પ્રમુખ ભાણજીભાઈ પાંભર, મંત્રી હર્ષદભાઈ પણસારા, નિયામક જયશ્રીબા જાડેજા, પ્રધાનાચાર્ય હેમાંશુભાઈ પરમાર, સરપંચ હેમંતભાઈ પાંભર, કોર્પોરેટર પૂર્વેશભાઈ પરમાર તેમજ ટ્રસ્ટીઓ, શિક્ષકો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બળાત્કાર-હત્યા

(પાના નં. ૩ થી આગળ)

ફર્લો સ્ક્વોડના સ્ટાફને ચોક્કસ બાતમી મળતા બાલાચડી ગામની સીમ વિસ્તારમાં મોડી રાત્રે દરોડો પાડી ફરાર કેદીને સફળતાપૂર્વક ઝડપી પાડવામાં આવ્યો હતો.

હાલ આરોપીએ ફરારી દરમિયાન અન્ય કોઈ ગુનો આચર્યો છે કે કેમ તે અંગે વધુ પૂછપરછ ચાલી રહી છે. કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરીને તેને ફરીથી જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

પીઆઈની કારે ત્રણને

(પાના નં. ૧ થી આગળ)

મહેશભાઈ નુંધાભાઈ ભોજાણી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસવડા ડો. રવિમોહન સૈની પણ મોડી રાત્રે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સમગ્ર ઘટનાની માહિતી મેળવી જરૂરી તપાસ તથા કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

આ દુર્ઘટનાએ જામજોધપુર પંથકમાં ભારે અરેરાટી ફેલાવી છે. એક તરફ અકસ્માત બાદ ઇજાગ્રસ્તને હોસ્પિટલ પહોંચાડવાની કાર્યવાહી કરવામાં આવી હતી, તો બીજી તરફ હવે નોંધાયેલી ફરિયાદના આધારે જામજોધપુરના પોલીસ ઇન્સ્પેક્ટર નિલેશભાઈ ચૌહાણ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

૪૭ અધિકારીઓ બરતરફ

(પાના નં. ૧ થી આગળ)

કરવાની પણ તૈયારીઓ કરી લેવાઈ છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કડક એક્શન એજન્સીની અંદર મોટા સુધારા લાવવા અને જવાબદેહી નક્કી કરવા માટે શરૂ કરાયેલા એક વિશાળ અભિયાનનો ભાગ છે. તાજેતરમાં પેપર લીક અને પરીક્ષાઓમાં ગેરરીતિઓના ગંભીર આક્ષેપોને કારણે ગઝઅ સતત વિવાદોના ઘેરાવામાં રહી છે, જેને પગલે એજન્સીના માળખા અને કાર્યપ્રણાલીમાં વ્યાપક ફેરફારોની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

બીજી તરફ, 'કોકરોચ જનતા પાર્ટી'એ પેપર લીક કેસ માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ બનાવવાની વડાપ્રધાનની જાહેરાતનું સ્વાગત કર્યું હતું, પરંતુ તેઓ પોતાની મૂળ માંગણીઓ પર અડગ રહ્યા છે. CJPના નેતા અભિજીત દીપકે ગઈકાલે સ્પષ્ટ કર્યું હતું કે, સૌથી પહેલાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં આવે. આ ઉપરાંત NEET પેપર લીકના કારણે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને ₹૧-૧ કરોડનું વળતર આપવામાં આવે અને પ્રદર્શનકારીઓ પર નોંધાયેલા કેસ તાત્કાલિક અસરથી પરત ખેંચવામાં આવે તેવી માંગણીઓ પણ દોહરાવવામાં આવી હતી.

આ ઘટનાક્રમ વચ્ચે CJPના પ્રતિનિધિમંડળે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને જીતેન્દ્ર સિંહ સાથે અગત્યની મુલાકાત કરી હતી. બેઠક બાદ પ્રવક્તા સૌરભ દાસ અને આશુતોષ રાંકાએ જણાવ્યું કે તેમણે દિલ્હી પોલીસ દ્વારા નિર્દોષ યુવાનો, વિરોધ સ્થળે આવતા લોકો અને ભોજન પહોંચાડનારાઓની થઈ રહેલી અટકાયત તેમજ વકીલો સાથેના અયોગ્ય વર્તનનો મુદ્દો સરકાર સમક્ષ ગંભીરતાથી ઉઠાવ્યો હતો.

પેપર લીક સામે કેન્દ્ર

(પાના નં. ૧ થી આગળ)

મુજબ સરકારે સરકારી નિવાસસ્થાનોના બદલે આ તટસ્થ સ્થળે મંત્રણા યોજવાનું સ્વીકાર્યું હતું. આ બેઠક દરમિયાન વિદ્યાર્થી જૂથો દ્વારા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવાની, ગેરરીતિઓ માટે જવાબદારી નક્કી કરવાની અને વિરોધ પ્રદર્શન દરમિયાન નોંધાયેલા તમામ કેસો તાત્કાલિક પરત ખેંચવાની મુખ્ય માગણીઓ ટેબલ પર મૂકવામાં આવી હતી.

હાલમાં સરકાર આ મુદ્દે બેવડી રણનીતિ પર કામ કરી રહી છે. એક તરફ વાતચીત અને સંવાદ દ્વારા આંદોલનકારી વિદ્યાર્થીઓનો આક્રોશ શાંત પાડવાનો નમ્ર પ્રયાસ થઈ રહ્યો છે, તો બીજી તરફ આગામી ચોમાસુ સત્રમાં આ સુધારેલું બિલ સંસદમાં રજૂ કરીને કાયદાકીય કડકાઈ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. પરીક્ષા પ્રણાલીમાં સંપૂર્ણ પારદર્શિતા, નિષ્પક્ષતા અને જવાબદારી લાવવા માટેનો આ કાયદો દેશના યુવા ધનને સુરક્ષિત ભવિષ્યની ખાતરી આપવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક પગલું સાબિત થઈ શકે છે.

સરકારની સ્પષ્ટતા

(પાના નં. ૧ થી આગળ)

પૂછ્યું હતું કે તેમનામાંથી કેટલા મંત્રીઓ ઇન્સ્ટાગ્રામ પર સક્રિય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આજના યુવાનો ઇન્સ્ટાગ્રામ પર સૌથી વધુ સમય વિતાવે છે, તેથી દરેક મંત્રીએ રીલ્સ પોસ્ટ કરવી જોઈએ અને યુવાનો સુધી સરકારની વાત પહોંચાડવા માટે સતત કનેક્ટેડ રહેવું જોઈએ.

મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ

(પાના નં. ૧ થી આગળ)

અમદાવાદ, ગાંધીનગર, મોરબી, સુરેન્દ્રનગર અને આણંદ સહિતના જિલ્લાઓમાં અતિભારે વરસાદની આગાહી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદ સહિતના અસરગ્રસ્ત જિલ્લાઓમાં આજે તમામ શાળા, કોલેજો અને આંગણવાડીઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. તદુપરાંત, ખાનગી કંપનીઓને પણ કર્મચારીઓને વર્ક ફોમ હોમ આપવા અપીલ કરાઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીના નિકાલ માટે ૧૦૭ પંપ મુકવામાં આવ્યા છે તેમજ પાણીજન્ય રોગચાળો અટકાવવા ક્લોરિન વિતરણ અને કાદવ હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.

ભીષણ વિસ્ફોટ

(પાના નં. ૧ થી આગળ)

વિસ્ફોટ એટલો પ્રચંડ અને શક્તિશાળી હતો કે તેનો ગૂંજતો અવાજ આસપાસના લગભગ ૨ કિલોમીટર સુધીના વિસ્તારમાં સંભળાયો હતો, જેના કારણે સ્થાનિક ગ્રામજનો ભારે દહેશત હેઠળ આવી ગયા હતા. ધડાકાના આઘાતથી ફેક્ટરીની મજબૂત દીવાલો ક્ષણભરમાં ધરાશાયી થઈ ગઈ હતી અને ત્યાં કામ કરી રહેલા મજૂરોના શરીરના અંગો દૂર દૂર સુધી વિખરાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ગંગોહ પોલીસ સ્ટેશનની ટીમ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. ગાઝિયાબાદના એક શખ્સ દ્વારા સંચાલિત આ ફેક્ટરીના કાટમાળમાંથી અવશેષો અને વિખરાયેલા અંગો એકત્ર કરીને બાકીના મૃતદેહોની ઓળખ હાથ ધરવા માટે તપાસ તેજ કરવામાં આવી છે. સ્થાનિક પ્રશાસને આસપાસના વિસ્તારને સીલ કરી વિસ્ફોટના મુખ્ય કારણો અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

રાવલ ગામે જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

સમય સંદેશઃ કલ્યાણપુર

કલ્યાણપુરના રાવલ આવેલા એક મંદિર પાસે રોન પોલીસ નામનો જુગાર રમી રહેલા મુન્ના ઉર્ફે મારખી નારણ કંડોરીયા, લખમણ પુંજા જાદવ, પ્રદીપ દેવુભાઈ કંડોરીયા અને ગોવિંદ રામશી ભરડવા નામના ચાર શખ્સોને ઝડપી લઈ, ૧૬,૫૯૦ ની રોકડ રકમ અને ચાર મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૨૭,૫૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

નામ બદલાવેલ છે

આથી હું ફૈઝહુસેન તબરેઝ કાદરી મારુ નામ ફૈઝહુસેન તબરેઝભાઈ કાદરી બદલી ને ફૈઝહુસેન તબરેઝ કાદરી રાખુ છું અને હવે થી હું ફૈઝહુસેન તબરેઝ કાદરી પ્રમાણે ઓળખાઈશ.

એડ્રેસ

સોઢા વાડી, ખોજા ગેટ જામનગર

ઓરબિટલ રોકેટ વિક્રમ-૧ લોન્ચમાં સહભાગી થનાર જામનગરની દિકરીનું માદરે વતનમાં ઉમળકાભેર સ્વાગત

ઓરબિટલ રોકેટ વિક્રમ-૧ લોન્ચ કરી સમગ્ર ભારત-ગુજરાત અને જામનગરનું નામ રોશન કરનાર એવી વિભાપર ગામની વતની પૃથ્વી સંઘાણી આજરોજ તેમના વતન વિભાપર આવી પહોંચી હતી. ત્યારે સૌપ્રથમ તેણીએ ગામના પાદરમાં આવેલ મહાદેવના મંદિરે દર્શન કરી આર્શિવાદ મેળવ્યા હતાં. પૃથ્વી સંઘાણીનું વિભાપર ગામમાં આગમન થતાં તેણીનું પરિવારજન તેમજ ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે પૃથ્વી સંઘાણીના ચહેરા પર ખુશીની લ્હેર જોવા મળી હતી.

વિભાપર શાળામાં સંસ્કૃત કક્ષનું લોકાર્પણ કરતાં શિક્ષણમંત્રી

સમય સંદેશઃ જામનગર

ગઈકાલે વિભાપર સ્થિત શ્રી સરસ્વતી શિશુ મંદિર ખાતે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા અનુદાનિત 'સંસ્કૃત કક્ષ'નો લોકાર્પણ કાર્યક્રમ શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે સંસ્કૃત કક્ષને ખુલ્લો મૂકતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણી પ્રાચીન પ્રણાલી અને ગૌરવશાળી પરંપરા થકી 'વિકસિત ભારત' અને 'વિશ્વ ગુરુ' બનવાના સ્વપનને સાકાર કરવા તરફ આ એક નવતર પહેલ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ગઈકાલે સમગ્ર ગુજરાતમાં વિવિધ ૫૦૦ સ્થળોએ આવા સંસ્કૃત ખંડોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે, જે સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિના જતનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

પોતાના સંબોધનમાં મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષા વિશ્વની અનેક ભાષાઓની જન્મદાત્રી છે અને આપણા વેદો-ઉપનિષદોમાં આજના આધુનિક સંશોધનોના બીજ વર્ષો પહેલાંથી જ રહેલા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમલમાં મુકાયેલી નવી શિક્ષણ નીતિ અંતર્ગત આપણી પ્રાચીન ગુરુકુળ પરંપરા, યોગ, આયુર્વેદ, પર્યાવરણ અને મૂલ્ય આધારિત શિક્ષણને પુનઃ ઉત્સાહ સાથે આગળ ધપાવવામાં આવી રહ્યું છે. તેમણે દરેક નાગરિકને સંસ્કારો સાથે દેશના વિકાસમાં સહભાગી બનવા આહવાન કર્યું હતું.

આ સંસ્કૃત કક્ષનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં સંસ્કૃત ભાષા પ્રત્યેની સમજ વધુ સુદ્રઢ કરવાનો છે. આ કક્ષ દ્વારા ચાણક્ય નીતિ, વૈદિક ગણિત, ઋતુચર્યા, આયુર્વેદ, નાટ્યશાસ્ત્ર અને કૃષિ વિજ્ઞાન જેવાં વિષયોની સરળ માહિતી

અનુ પાના નં.૨ પર

લાલપુરમાં લોકો માટેના પ્રોજેકટસનું લોકાપર્ણ કરતા ડીડીઓ

સમય સંદેશઃ લાલપુર

ગ્રામીણ મહિલાઓનું સશક્તિકરણ, ખેડૂતોને પ્રોત્સાહન અને નાગરિકોની વહીવટી સરળતા માટે લાલપુર તાલુકા પંચાયત દ્વારા પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. તાલુકા પંચાયત લાલપુર ખાતે વિવિધ લોક કલ્યાણકારી પ્રોજેક્ટ્સનું જામનગરના જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશાના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયતે પોતાના સ્વભંડોળમાંથી આ નવતર પ્રકલ્પો સાકાર કરીને ગ્રામીણ વિકાસની દિશામાં એક નવું કદમ વધાર્યું છે.

ગ્રામિણ મહિલાઓ અને સ્વ-સહાય જૂથોના આજીવિકા વિકાસ માટે કાર્યરત ગુજરાત આજીવિકા પ્રમોશન કંપની લિમિટેડના માર્ગદર્શન હેઠળ, દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન અંતર્ગત લાલપુર ગામના હાર્દ સમાન વિસ્તારમાં એક સંપૂર્ણ સુવિધા સભર આધુનિક કેન્ટીન તૈયાર કરવામાં આવી છે. આ કેન્ટીનનું લોકાર્પણ કરી તેને સંચાલન માટે 'બાબરિયા સ્વ-સહાય જૂથ'ના સખી મંડળને અર્પણ કરવામાં આવી હતી, જે મહિલા આત્મનિર્ભરતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બનશે.

આ સાથે જ, તાલુકા પંચાયતની મુલાકાતે આવતા સામાન્ય અરજદારો અને લાભાર્થીઓની સુવિધા માટે વહીવટી પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે.અરજીઓ-ટપાલોના રીસીવિંગ, ડિસ્પેચ અને વિવિધ દાખલાઓ અંગેની પૂછપરછ માટે પંચાયતના પ્રાંગણમાં જ એક વિશેષ 'હેલ્પ ડેસ્ક' શરૂ કરાયું છે. સાથોસાથ, વિવિધ ઓનલાઇન સેવાઓ, સરકારી યોજનાઓની ડેટા એન્ટ્રી, વેરિફિકેશન અને તલાટીઓની કામગીરીનું ઓનલાઇન સુપરવિઝન તેમજ મોનિટરિંગ સુદ્રઢ કરવા માટે અત્યાધુનિક 'કોમ્પ્યુટર લેબ કમ આઈટી સેલ'નું પણ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ લાલપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, પદાધિકારીઓના સહકાર અને તાલુકા વિકાસ અધિકારી લાલપુર સ્ની કે.આર.ચુડાસમાની પહેલ તથા લોકાભિમુખ કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અન્ય તાલુકાના તાલુકા વિકાસ અધિકારીઓને પણ લાલપુર પંચાયતની આ શ્રેષ્ઠ અને નવતર પહેલમાંથી પ્રેરણા લઈ પોતપોતાના વિસ્તારમાં આ પ્રકારના પ્રકલ્પો શરૂ કરવા ખાસ સૂચન કરવામાં આવ્યું હતું.

જામનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિત્તિની યોજાઇ બેઠક



સમય સંદેશઃ જામનગર

કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્ય સર્વશ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી મેઘજીભાઈ ચાવડા અને શ્રી હેમંતભાઈ ખવા દ્વારા લોકાભિમુખ અને જનકલ્યાણલક્ષી વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. રજૂ થયેલા તમામ પ્રશ્નો અને પ્રજાકીય સમસ્યાઓનો હકારાત્મક તેમજ સમયમર્યાદામાં ત્વરિત નિકાલ લાવવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા સંબંધિત વિભાગના અધિકારીઓને કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠક દરમિયાન માર્ગ-મકાન, સિંચાઈ અને પંચાયત વિભાગના રસ્તા, નવા બ્રિજ, કોઝવેના ધોવાણ તથા વાગડિયા જળ સિંચાઇ યોજનાના વિસ્થાપિતોના પ્રશ્નોની વિસ્તૃત સમીક્ષા કરાઈ હતી. આ સાથે જ ગ્રામ્ય સ્તરે પીવાના શુદ્ધ અને ચોખ્ખા પાણીનું વિતરણ, નર્મદાની નવી લાઈન નાખવા, ખેતીવાડીના નવા વીજ કનેક્શન, લો-વોલ્ટેજ નિવારણ અને ખેડૂતોને વળતર ચૂકવણી જેવા ઊર્જા વિભાગના મુદ્દાઓ પર વહીવટી પ્રક્રિયા વેગવંતી બનાવવા જણાવાયું હતું.

તદુપરાંત, જમીન રી-સર્વેની ક્ષતિઓ સુધારવી, જમીન પરના દબાણો હટાવવા, આંગણવાડી અને શાળાઓના નવા ઓરડાના કામો, જી.જી. હોસ્પિટલની સુવિધાઓ અને મહેકમની સ્થિતિ, એસ.ટી. બસના રૂટો તથા ટ્રાફિક સમસ્યા જેવા વિવિધ પ્રજાલક્ષી મુદ્દાઓ પર પણ હકારાત્મક ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી રંજનબેન જીવાણી સહિત તમામ સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ અને અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લાલપુરમાં ૧૦૮ ની ટીમે પ્રશંસનીય કામગીરી કરીઃ ખેતરમાં જ પ્રસુતિ કરાવી માતા અને નવજાત શિશુનો જીવ બચાવ્યો

સમય સંદેશઃ લાલપુર

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ગલા ગામના વાડી વિસ્તારમાં ગઈકાલે ૨૪ જુલાઈના રોજ એક સગર્ભા મહિલા માટે '૧૦૮' એમ્બ્યુલન્સ ઈમરજન્સી સેવા સંજીવની સમાન સાબિત થઈ હતી. સવારે સાડા સાત વાગ્યાના સુમારે ગલા ગામના વાડી વિસ્તારમાંથી ૨૧ વર્ષીય રાધાબેન સુરેશભાઈ વાજેલીયા નામના મહિલાને પ્રસવપીડા ઉપડતા ૧૦૮ ને કોલ કરવામાં આવ્યો હતો. પીપરટોડા લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સ (GJ18GC0160) તાત્કાલિક ઘટનાસ્થળે જવા રવાના થઈ હતી, પરંતુ રસ્તો વિકટ હોવાથી એમ્બ્યુલન્સ ખેતર સુધી પહોંચી શકે તેમ નહોતી. સ્થિતિની ગંભીરતા સમજીને ઊખઝ સુરક્ષાબા ઝાલા અને પાયલોટ ધવલભાઈ કાનજરીયાએ વિલંબ કર્યા વગર ઘટનાસ્થળે પહોંચી સ્થળ પર જ સફળ પ્રસુતિ કરાવી હતી. પ્રસુતિ બાદ માતા અને નવજાત શિશુને સુરક્ષિત રીતે ખાટલામાં બેસાડીને આશરે ૮૦૦ મીટર સુધી ચાલીને એમ્બ્યુલન્સ સુધી લાવવામાં આવ્યા હતા. જ્યાંથી બંનેને વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ૧૦૮ ની ટીમની આ સમયસૂચકતા અને સરાહનીય કામગીરીને કારણે માતા અને બાળકી બંનેનો જીવ બચી ગયો હતો.

ધંધા બાબતનો ખાર રાખી, બેટ દ્વારકામાં યુવાનને જાનથી મારી નાખવાની ધમકી

સમય સંદેશઃ ઓખા

ઓખામાં ગૌશાળા વિસ્તારમાં રહેતા અને મૂળ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના રહીશ એવા જયકુમાર ઈશ્વરલાલ ચૌધરી નામના ૩૪ વર્ષના વેપારી યુવાન સાથે ચશ્માના સ્ટેન્ડની બાબતનો ધંધા ખાર રાખીને રવિ કેર, રાજુ કેર, સોનુ ગોલા, બોદો અને ચમન નામના પાંચ શખ્સોએ ફરિયાદી જયકુમારને ધંધો નહીં કરવા દેવાના ઇરાદે તેમને બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ બેટ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

જામનગર બળાત્કાર-હત્યા કેસનો ફરાર કેદી ઝડપાયો

ફર્લો પરથી ભાગેલો આરોપી 'ઓપરેશન કારાવાસ-૨' હેઠળ પકડાયો

સમય સંદેશઃ જામનગર

જામનગરમાં ગુજરાત પોલીસના ''ઓપરેશન કારાવાસ-૨'' અભિયાન અંતર્ગત એલ.સી.બી.ની પેરોલ-ફર્લો સ્કવોડે એક મોટી સફળતા મેળવી છે. વર્ષ ૨૦૨૨ના ચકચારી બળાત્કાર અને હત્યા કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલો અને ફર્લો રજા દરમિયાન ફરાર થયેલો કેદી બાલાચડી ગામની સીમમાંથી ઝડપાઈ ગયો છે.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં પેરોલ, ફર્લો અને વચગાળાના જામીન પરથી ફરાર થયેલા કેદીઓને પકડવા માટે ''ઓપરેશન કારાવાસ-૨'' ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે જામનગર એલ.સી.બી. દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૨માં જામનગર પંચકોશી 'એ' ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં ભિક્ષાવૃત્તિ કરતી મહિલા પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરવામાં આવી હતી. આ જઘન્ય ગુનામાં પોલીસે ઝડપી તપાસ કરી મજબૂત પુરાવાઓ સાથે ચાર્જશીટ દાખલ કરી હતી. ટ્રાયલ પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીઓને આજીવન કેદ અને ૨૦ વર્ષની સજાનો હુકમ કર્યો હતો. આ કેસમાં સજા ભોગવી રહેલો પાકા કામનો કેદી નંબર-૫૦૬૭૫ જુશબ ઉર્ફે કારો ચોર અબાસભાઈ કકલ (રહે. સચાણા, તા.-જિલ્લો જામનગર) ૨૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ૧૪ દિવસની ફર્લો રજા પર બહાર આવ્યો હતો. જોકે, રજાની મુદત પૂર્ણ થયા બાદ તે જેલમાં પરત ફરવાના બદલે ફરાર થઈ ગયો હતો.

આ ગંભીર કેસને ધ્યાનમાં રાખીને રાજકોટ રેન્જના ઈંચ્રૂ નિર્લિપ્ત રાય અને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિમોહન સૈનીના માર્ગદર્શન હેઠળ કઈઇ પોલીસ ઇન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના નેતૃત્વમાં પેરોલ-ફર્લો સ્કવોડના ઇન્ચાર્જ પી.એસ.આઈ. એમ.વી. ભાટીયાની આગેવાનીમાં અલગ-અલગ ટીમો બનાવી આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

ફરારી દરમિયાન આરોપી પોલીસથી બચવા માટે પોતાની ઓળખ છુપાવી વારંવાર રહેઠાણ બદલતો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે તે બાલાચડી, સચાણા, ખીરી અને હડિયાણા ગામોની સીમ વિસ્તારમાં સંતાઈને રહેતો હતો. દરમિયાન, પેરોલ-

અનુ પાના નં.૨ પર

જામનગરમાં વરસાદને પગલે બે બસ માર્ગ ઉપર ફસકી પડી

સમય સંદેશઃ જામનગર

જામનગરમાં ગઇરાતથી આવી પહોંચેલી મેઘસવારીને કારણે માર્ગો ઉપર પાણી પ્રસરવાથી અમુક વાહનો અકસ્માતે સ્લિપ થયાની ઘટના બની હતી. અન્નપૂર્ણા ચોકડી તરફના માર્ગ ઉપર દિલ્હી પબ્લિક સ્કૂલ અને એક ખાનગી કંપનીમાં ચાલતી બસ રસ્તા ઉપરથી ફસકી ગઇ હતી.

જામનગરમાં વીજશોકથી બે ગાયના મોત નિપજતા જીવદયા પ્રેમીઓમાં અરેરાટી

બે પશુઓ અકાળે મોતને ભેટતાં વિજ તંત્રની પ્રિ-મોનસુન કામગીરીની પોલ ખુલીઃ જામનગરના વિરલબાગ નજીક જર્જરીત દિવાલ તૂટતા વીજપોલ કાર ઉપર પડ્યો

સમય સંદેશઃ જામનગર

જામનગર શહેરના ખોડીયાર કોલોની વિસ્તારમાં ૮૦ ફૂટ રીંગરોડ ઉપર બકાલા માર્કેટ આવેલ છે જ્યાં સબ - સ્ટેશન પાસેથી પસાર થતી બે ગાયને એકાએક જોરદાર વીજકરંટ લાગતા બન્ને ગાયના કરુણ મૃત્યુ નિપજ્યા હતા. હજુ તો વરસાદ ખાસ માત્રામાં થયો નથી ત્યાં જ વીજતંત્રની પ્રિ - મોન્સુનની કામગીરીની પોલ અહીં છતી થાઈ છે કારણ કે વીજકરંટ જમીનમાં ઉતરતા બન્ને ગાયને શોક લગતા મૃત્યુ નિપજેલ આથી ગૌ પ્રેમીઓમાં ભારોભાર તંત્ર સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.

જામનગરમાં ગઈ રાત્રિના બે ઇંચ જેટલો વરસાદ થતા વિરલ બાગ નજીક એક ખાનગી માલિકીની દીવાલ ધસી પડી હતી. એકાએક દીવાલ ધરાશય થતા એક વીજ પોલ તૂટીને પાર્ક કરેલ કાર ઉપર પડેલ. જેને લીધે કારને નુકશાન થયેલ હતું. વીજપોલ તૂટી પડતા વીજ પોલ તૂટી પડતા વીજ પૂરવઠો ખોરવાયો હતો. જેને લઈ વીજ ટીમ તુર્ત દોડી આવીને મરામતની કામ કરીને વીજ પૂરવઠો કાર્યરત કર્યો હતો.જોકે બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

જામનગરમાં બે કલાકમાં ૨ ઈંચ અને કાલાવડના નવાગામમાં ૧૧ ઈંચઃ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી

કોરાધાકોર અષાઢ વચ્ચે મેઘમહેર થતાં જિલ્લાભરમાં જળબંબાકારઃ નદી-નાળાં છલકાયા, પાકને સંજીવની મળી

સમય સંદેશઃ જામનગર
(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)

લાંબા સમયથી વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહેલા જામનગર અને દેવભૂમિ દ્વારકાવાસીઓ પર આખરે અષાઢના ઉત્તરાર્ધે મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. પૂર્વ-સંધ્યાથી વાતાવરણમાં સર્જાયેલા પલટા બાદ વહેલી સવારે બંને જિલ્લામાં ગાજવીજ અને પવન સાથે સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જામનગર શહેરમાં પરોઢિયે માત્ર બે જ કલાકમાં ૨ ઈંચ વરસાદ ખાબકતા માર્ગો જળબંબાકાર બન્યા હતા. જ્યારે કાલાવડના નવાગામમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા ૧૧ ઈંચ જેટલો ભારે વરસાદ વરસાવી દીધો હતો, જેના કારણે સ્થાનિક નદીઓમાં પૂરની સ્થિતિ નિર્માણ પામી છે.

જામનગર જિલ્લા ડીઝાસ્ટર કંટ્રોલ રૂમના સત્તાવાર આંકડા મુજબ, જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં અડધાથી લઈને ચાર ઈંચ સુધીનો નોંધપાત્ર વરસાદ પડ્યો છે. કાલાવડ તાલુકાના નવાગામ ઉપરાંત મોટી વાવડી, છતર, માછરડા અને ધુન ધોરાજી જેવા ગ્રામીણ વિસ્તારોમાં ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.

સમયસર વરસાદ ન થવાથી જામનગર જિલ્લાના ખેડૂતોએ કરેલું ૧.૮૯ લાખ હેક્ટરનું વાવેતર નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી હતી. પરંતુ અણીના સમયે જ કુદરતે કૃપા કરતાં સુકાઈ રહેલા પાકને નવું જીવન મળ્યું છે.

બીજી તરફ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ વહેલી સવારે હવામાનમાં એકાએક પલટો આવ્યો હતો. ખંભાળિયામાં વહેલી સવારે સાડા

અનુ પાના નં.૨ પર

જામનગરમાં પ્રથમ વરસાદે જ ખોલી મનપાની પોલઃ ઠેર-ઠેર પાણી ભરાયા

જામનગર શહેરમાં પ્રથમ સારા વરસાદે જ મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે. શહેરમાં માત્ર દોઢ ઈંચ જેટલા વરસાદમાં જ અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને શાળાઓ નજીકના વિસ્તારોમાં પાણી ભરાતા વિદ્યાર્થીઓ અને વાલીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ, શહેરના વિરલ બાગ સામે અચાનક વીજ પોલ અને તેની બાજુની દીવાલ ધરાશાયી થતાં પાર્ક કરેલી એક કારને નુકસાન થયું હતું. ઘટનાના પગલે આસપાસના વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. ઘટનાની જાણ થતાં સંબંધિત વિભાગના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રથમ વરસાદમાં જ શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવા અને વીજ પોલ ધરાશાયી થવાની ઘટનાઓને પગલે મનપાની પ્રિ-મોન્સૂન કામગીરી સામે હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

જામનગરમાં સામાન્ય વરસાદમાં જ તળાવની પાળવાળા રોડ પર પાણી ભરાયાઃ JMC કામે લાગ્યું

જામનગર શહેરમાં સામાન્ય વરસાદમાં જ તળાવની પાળવાળા રોડ પર વરસાદી પાણી ભરાતા વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

પાછળના તળાવમાં વરસાદી પાણી ભરાઈ જતાં પાણીનો નિકાલ કરવા માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી. મનપા દ્વારા પાણીના નિકાલની વ્યવસ્થા કરી રોડ પર ભરાયેલા પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

જોકે, સામાન્ય વરસાદમાં જ રોડ પર પાણી ભરાતા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સામે સવાલો ઉઠી રહ્યા છે. ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડે ત્યારે શહેરમાં સ્થિતિ વધુ ગંભીર ન બને તે માટે મનપા દ્વારા આગોતરી અને કાયમી વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે.

અત્રે ઉલ્લેખ જરૂરી બને છે કે, જામનગરમાં વરસાદ પહેલાં પીજીવીસીએલ તંત્ર અને જામનગર મહાનગર પાલિકા દ્વારા પ્રિ-મોન્સુનની કામગીરી કરવામાં આવે છે તો વરસાદ બાદ દોડવું કેમ પડે છે..?! આશ્ચર્યની વાત છે!!

જામનગર જેલમાંથી મોબાઈલનો ગેરકાયદે ઉપયોગ ઝડપાયો

સમય સંદેશઃ જામનગર

જામનગર જિલ્લા જેલમાં ગેરકાયદેસર મોબાઈલના ઉપયોગને અટકાવવા ખાસ તપાસ હાથ ધરવામાં આવી હતી. અગાઉ જામનગર જિલ્લા જેલમાં જડતી દરમિયાન બિનવારસી મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આ અંગે અગાઉ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૬માં અલગ-અલગ ગુનાઓ નોંધાયા હતા. આ કેસની તપાસ

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એ. ઘાસુરા દ્વારા કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન સાયબર ટીમે મોબાઈલ સંબંધિત ટેક્નિકલ માહિતી એકત્ર કરી તેનું વિશ્લેષણ કરતાં ગેરકાયદેસર મોબાઈલનો ઉપયોગ કરનાર આરોપીઓ જિલ્લા જેલમાં જ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસે જિલ્લા જેલમાંથી આરોપીઓ સાજીદ હારૂનભાઈ મલેક (રહે. નાના પાંચ દેવડા, તાલુકો કાલાવડ), નવાઝ જુમાભાઈ દેથા (રહે. સિક્કા, જામનગર), ઉબેદુલ્લા ઉર્ફે ઉબેદ અબ્દુલભાઈ કોરડીયા

અનુ પાના નં.૨ પર

વહીવટી સરળતા અને કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા જામનગર જિલ્લાના ચાર પીઆઈની અસર-પરસ બદલી કરતા એસપી

સમય સંદેશઃ જામનગર

જામનગર જિલ્લા પોલીસ વડા ડૉ. રવિમોહન સૈની દ્વારા જિલ્લાના ચાર પોલીસ ઇન્સ્પેક્ટરની બદલીના આદેશો જારી કરાયા છે. પોલીસ આલમમાં વહીવટી સરળતા અને કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા હેતુથી આ નિર્ણય લેવાયો છે.

એસપી કચેરીથી થયેલા સત્તાવાર આદેશ અનુસાર જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘપર મથકના પીઆઇ પી.ટી. જયસ્વાલની બદલી કરીને તેમને કાલાવડ ટાઉન પોલીસ મથકમાં મુકવામાં આવ્યા છે. તેમના સ્થાને કાલાવડ ટાઉન પોલીસ મથકના પીઆઇ એ.એલ. બારસીયાને મેઘપર (પડાણા) પોલીસ મથકમાં ફરજ સોંપવામાં આવી છે.

બીજી બાજુ એએચટીયુમાં ફરજ બજાવતા પીઆઇ આર.બી. સોલંકીની બદલી કરીને તેમને શેઠવડાળા પોલીસ મથકના પીઆઇ તરીકે નવી ફરજ સોંપાઈ છે તેમના સ્થાને શેઠવડાળા પોલીસ મથકના પીઆઇ વી.એસ. પટેલને બદલી કરીને એએચટીયુમાં મુકવામાં આવ્યા છે. આમ વહીવટી સરળતા ખાતર અરસ-પરસ તમામ બદલીઓ કરાઇ છે. જે પોલીસ આલમમાં ચર્ચાનો વિષય બની છે.

જામનગરની રાજમોતી સોસાયટીમાં ગૃહકંકાશમાં પરિણીતાની કરપીણ હત્યા

માત્ર પાંચ માસના લગ્નગાળા દરમિયાન તું ગમતી નથી અને કાઢી મુકવી છે તેમ કહી અવારનવાર ઝઘડો કરી પતિ આપતો હતો ત્રાસઃ દાતરડા અને ધારિયા જેવા તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારાઇઃ પતિ સામે હત્યાનો નોંધાયો ગુન્હો

સમય સંદેશઃ જામનગર

ફરિયાદી પરસોતમભાઈ શાંતીલાલ સોનગરા (ઉ.વ.૨૮ રહે. મહાપ્રભૂજીની બેઠક, મેરીયા કોલોની વાડી વિસ્તાર, કલ્યાણેશ્વર મહાદેવ મંદિર પાછળ, જામનગર) એ આરોપી એવા બનેવી મનિષ નાગજીભાઇ કછેટીયા (રહે.મહાપ્રભુજીની બેઠક રાજમોતી સોસાયટી-૩ જામનગર) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર તેના બહેન વર્ષાબેનના લગ્ન તા. ૧૩ ફેબ્રુઆરી રોજ મનીષ સાથે થયા હતા. જોકે લગ્ન બાદ અવાર નવાર ડખ્ખા થતા હતા.

તા.૨૪ જુલાઈના રોજ વર્ષાબેન અને મનીષ વચ્ચે ઘરકંકાસ દરમિયાન ભારે ઝઘડો થયો હતો જેમાં ઉશ્કેરાઇ ગયેલા મનીષે પત્ની વર્ષાબેનના માથામાં ગંભીર ઇજાઓ પહોંચાડી હોવાથી તે મૃત્યુ થયાની ફરિયાદીના બનેવીના મોટાભાઈ રાજેશભાઈ નાગજીભાઈ કછટીયાનો ફોન કરી જણાવ્યું હતું.

બાદમાં ફરિયાદી પોતાના માતા-પિતા અને અન્ય પરિવારજનો સાથે જી.જી.હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં વર્ષાબેનનો મૃતદેહ જોતા તેમના માથા અને ગળાના ભાગે ધારીયા અથવા દાતરડા જેવા તીક્ષ્ણ હથિયારના ગંભીર ઘા જોવા મળ્યા હતા. આ ઇજાઓના આધારે ફરિયાદીએ પોતાની બહેનની હત્યા પતિ મનીષભાઈએ જ કરી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

ફરિયાદમાં જણાવેલ વિગત મુજબ લગ્ન બાદથી જ વર્ષાબેન અને તેના પતિ વચ્ચે અવારનવાર નાની-મોટી બાબતોમાં ઘરકંકાસ ચાલતો હતો. તા.૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ વર્ષાબેન પિયર આવી હતી. તે સમયે તેણે પરિવારજનોને જણાવ્યું હતું કે તેનો પતિ વારંવાર 'તું મને ગમતી નથી, તને રાખવી નથી' કહી માનસિક ત્રાસ આપતો હતો અને સતત ઝઘડા કરતો હતો. આ બાબતને ગંભીરતાથી લઈ ફરિયાદીના પરિવારજનોએ મનીષભાઈના માતા લીલીબેન, ભાઈ રાજેશભાઈ, ભાભી હર્ષીદાબેન, તેમજ કાકા વશરામભાઈ અને દેવેન્દ્રભાઈ કછટીયા સહિતના સગાઓને બોલાવી સમાધાન કરાવ્યું હતું. બાદમાં ૨૪ જુલાઈના રોજ ફરી થયેલા ઝઘડામાં મનીષભાઈએ ધારીયા અથવા દાતરડા જેવા તીક્ષ્ણ હથિયાર વડે માથા અને ગળાના ભાગે ઘાતક હુમલો કરી વર્ષાબેનની હત્યા કરી હોવાનું જણાવ્યું હતું. ફરિયાદના આધારે પોલીસે આરોપી પતિ સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામ-કલ્યાણપુરના ભાટવડીયામાં થયેલી ઘરફોડ ચોરી પ્રકરણનો આરોપી ઝડપાયો

સમય સંદેશઃ કલ્યાણપુર

કલ્યાણપુર તાલુકાના ભાટવડીયા ગામે રહેતા એક આસામીના મકાનના નળિયા ખેસવીને કોઈ તસ્કર રૂપિયા દોઢ લાખથી વધુની રોકડ રકમ ચોરી કરીને લઈ ગયાની ફરિયાદ સ્થાનિક પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. આને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખાના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ઉપરોક્ત ચોરી પ્રકરણમાં સંડોવાયેલા એવા આ જ ગામના રહીશ સામત લખુભાઈ સોનગરા નામના ૫૭ વર્ષના એક શખ્સને પોલીસે ચોરીની રકમ રૂ. ૧,૫૮,૫૦૦ ની રોકડ સહિતના મુદ્દામાલ સાથે દબોચી લઈ,

અનુ પાના નં.૨ પર

જામ-ખંભાળીયા નજીક સર્જાયેલા પીકઅપ વાનના ગમખ્વાર અકસ્માતમાં ટ્રક ચાલક સામે ગુનો નોંધાયો

એક યુવાન તથા એક તરૂણનું મોત નિપજયું હતુંઃ તપાસની કાર્યવાહી

સમય સંદેશઃ ખંભાળિયા

મૂળ જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના રહીશ તથા હાલ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘપર ગામે રહેતા અને ડ્રાઇવિંગ કામ કરતા કૌશિકભાઈ ગોવિંદભાઈ પરમાર નામના ૨૮ વર્ષના યુવાને જી.જે. ૩૭ વી. ૯૯૮૮ નંબરના એક ટ્રકના ચાલક સામે વાડીનાર મરીન પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે.

આ ફરિયાદમાં જણાવાયા મુજબ ફરિયાદી કૌશિકભાઈ પરમાર તેમની સાથે કમલેશ કાશીનાથ ટુડુ (ઉ.વ. ૨૧, રહે. હાલ મેઘપર) અને અર્જુન ખેમલાલ મહિલાંગ (ઉ.વ. ૧૪, રહે. મેઘપર) ને સાથે લઈને તેમના જી.જે. ૩૭ ટી. ૬૮૨૨ નંબરના પીકઅપ વાનમાં મંગળવારે રાત્રિના સમયે માંગરોળથી મેઘપર જઈ રહ્યા હતા. ત્યારે ખંભાળિયા જામનગર હાઈવે પર અત્રેથી આશરે ૧૨ કિલોમીટર દૂર આરાધના ધામ પાસે પહોંચતા આ માર્ગ પર જી.જે. ૩૭ વી. ૯૯૮૮ નંબરના એક ટ્રકના ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે ચલાવી, એકાએક બ્રેક મારતા ફરિયાદીનું પીકઅપ વાહન ઉપરોક્ત ટ્રકની પાછળના ભાગે અથડાઈ પડ્યું હતું.

આના કારણે પીકઅપ વાહનમાં જઈ રહેલા મિત્રો કમલેશભાઈ અને અર્જુનના કરુણ મોત નીપજ્યા હતા. જ્યારે પીકઅપ વાનના ચાલક કૌશિકભાઈ પરમારને નાની-મોટી ઇજાઓ સાથે હોસ્પિટલમાં દાખલ

અનુ પાના નં.૨ પર

જામનગરના મોહનનગર આવાસ નજીકથી યુવકની લાશ મળી આવી

સમય સંદેશઃ જામનગર

જામનગર શહેરના મોહનનગર આવાસ નજીક એક યુવાન બેભાન હાલતમાં પડ્યો હોવાની જાણ થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ અને ૧૦૮ની ટીમ સ્થળ પર પહોંચતા યુવાનનું મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. તકની ઓળખ તેમજ મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પોલીસ દ્વારા સ્થળ પરથી જરૂરી પુરાવા એકત્રિત કરવામાં આવ્યા છે અને આસપાસના વિસ્તારના લોકોની પૂછપરછ સહિત સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. યુવાનનું મોત કુદરતી કારણોસર થયું છે કે અન્ય રીતે તે જાણવા પોલીસ મથી રહી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com